# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-04-2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**Day : WEDNESDAY** **National News**

**આકાશવાણી સમાચાર** ચૈતાલી જોશી **વાંચે છે.**

****************************************************

1. સરકારે દેશમાં તમામ પ્રકારના પાકના બીજ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ હોવાની ખાતરી આપી.
2. રાજ્યસભાએ આજે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ (સામાન્ય વહીવટ) વિધેયક , 2026 ને મતદાન દ્વારા પસાર કર્યું.
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું આસામમાં NDA શાસનના છેલ્લા દસ વર્ષમાં નોંધપાત્ર પ્રગતિ થઈ.
4. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે આગામી 26 એપ્રિલે મતદાન – રાજ્ય ચૂંટણી પંચની જાહેરાત
5. IPL ક્રિકેટમાં લખનૌ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# INTER MINISTERIAL BRIEFING

સરકારે આજે ખાતરી આપી છે કે પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે દેશમાં તમામ પ્રકારના પાકના બીજ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિક સચિવ ડૉ. મનિન્દર કૌર દ્વિવેદીએ આજે નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ  પર આંતરમંત્રીસ્તરીય બેઠકને સંબોધતા આ વાત કહી.

**Byte - મનિન્દર કૌર**

નાગરિક ઉડ્ડયન મંત્રાલયમાં સંયુક્ત સચિવ, અસંગબા ચુબા એ માહિતી આપી કે ઉડ્ડયન ઉદ્યોગે સ્થાનિક રૂટ પર સ્થાનિક શેડ્યૂલ કેરિયર્સ માટે ઉડ્ડયન ટર્બાઇન ઇંધણના ભાવમાં 25 ટકાના મર્યાદિત વધારાને લાગુ કરવાના સરકારના નિર્ણયનું સ્વાગત કર્યું છે. તેમણે કહ્યું, આ હસ્તક્ષેપ સુનિશ્ચિત કરશે કે ભારતીય કેરિયર્સના સ્થાનિક સંચાલન ખર્ચ વ્યવસ્થાપિત રહે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયમાં સંયુક્ત સચિવ, સુજાતા શર્માએ જણાવ્યું હતું કે દેશનો ક્રૂડ ઇન્વેન્ટરી હાલમાં પૂરતો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે તેહરાનમાં ભારતીય દૂતાવાસે અત્યાર સુધીમાં 1 હજાર 171 ભારતીયોને તેમના પરિવહનમાં મદદ કરી છે.

# RS - CAPF BILL

રાજ્યસભાએ આજે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ (સામાન્ય વહીવટ) બિલ, 2026 ને મતદાન દ્વારા પસાર કર્યું. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે ગયા અઠવાડિયે આ બિલ રજૂ કર્યું હતું, જેનો ઉદ્દેશ્ય સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સમાં ગ્રુપ A જનરલ ડ્યુટી ઓફિસર્સ અને અન્ય અધિકારીઓની ભરતી અને સેવાની શરતોને નિયંત્રિત કરવાના

આ બિલનો હેતુ સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સમાં ગ્રુપ A જનરલ ડ્યુટી ઓફિસર્સ અને અન્ય અધિકારીઓની ભરતી અને સેવાની શરતોને નિયંત્રિત કરવાના સામાન્ય નિયમોનું નિયમન કરવાનો છે. લોકસભાએ આંધ્ર પ્રદેશ પુનર્ગઠન (સુધારા) બિલ, 2026 પસાર કર્યું છે. તે આંધ્ર પ્રદેશ પુનર્ગઠન અધિનિયમ, 2014 માં સુધારો કરે છે. તે અમરાવતીને આંધ્ર પ્રદેશની એકમાત્ર રાજધાની તરીકે વૈધાનિક દરજ્જો આપે છે

# PM-ASSAM

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ આજે આસામના ગોગામુખ અને વિશ્વનાથમાં રેલીઓને સંબોધિત કરી હતી. ગોગામુખમાં બોલતા શ્રી મોદીએ કહ્યું કે આસામમાં NDA શાસનના છેલ્લા દસ વર્ષમાં રાજ્યમાં નોંધપાત્ર પ્રગતિ થઈ *છે.*

Byte-PM ASSAM DEVLOPMENT

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે આસામની તેમની એક દિવસની મુલાકાત દરમિયાન જાહેર સભાઓને સંબોધિત કરી હતી. શિવસાગર જિલ્લામાં બોલતા પ્રિયંકાએ કહ્યું હતું કે વધતા જતા જીવન ખર્ચ નાગરિકો પર બોજ પાડી રહ્યા છે અને ભાજપની નીતિઓને લોકો વિરોધી ગણાવી હતી.

# EC CENTRAL OBSERVERS

ચૂંટણી પંચે આજે આગામી વિધાનસભા ચૂંટણીઓ પહેલા આસામ, કેરળ અને પુડુચેરીમાં તૈનાત નિરીક્ષકોની સમીક્ષા બેઠક યોજી હતી. આસામ, કેરળ અને પુડુચેરીના મુખ્ય ચૂંટણી અધિકારીઓ સહિત કુલ 282 નિરીક્ષકોએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠકમાં ભાગ લીધો હતો.

પંચે નિરીક્ષકોને ખાતરી કરવા નિર્દેશ આપ્યો કે ચૂંટણીઓ નિષ્પક્ષ રીતે, ઉત્સવના વાતાવરણમાં, કોઈપણ ધાકધમકી, હિંસા કે પ્રલોભન વિના યોજાય.

# LOCAL BODIES ELECTION

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આગામી 26 એપ્રિલે મતદાન અને 28 એપ્રિલે મતગણતરી હાથ ધરાશે. ગાંધીનગરમાં આ અંગેની જાહેરાત કરતા રાજ્યના ચૂંટણી કમિશનર ડોક્ટર એસ. મુરલીક્રિશ્નાએ કહ્યું, રાજ્યની 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત તથા 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી અને 11 નગરપાલિકાની ખાલી પડેલી 13 બેઠકની આગામી 26 તારીખે ચૂંટણી યોજાશે. આ જાહેરાત થતાં જ આજથી જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી છે.

ચૂંટણી માટે આગામી છ એપ્રિલે જાહેરનામું પ્રસિદ્ધ કરાશે. જ્યારે 11 એપ્રિલ સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે, તેમ રાજ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું.

**(BYTE: DR. S. MURALI KRISHNA, STATE ELECTION COMMISSIONER)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AIRLINES - ATF

ભારતીય ઉડ્ડયન ઉદ્યોગે ઘરેલુ ફ્લાઇટ્સ માટે એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF) ના ભાવ વધારાને નિયંત્રિત કરવાના સરકારના નિર્ણયનું સ્વાગત કર્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં એર ઇન્ડિયાએ તેને અભૂતપૂર્વ સંજોગોમાં ઉડ્ડયન ક્ષેત્રને રાહત આપવા માટે એક વિચારશીલ અને સમયસર પગલું ગણાવ્યું.

ઇન્ડિગો એરલાઇન્સે જણાવ્યું કે આ એરલાઇન્સમાં વધુ સ્થિરતા લાવવા તરફ એક અર્થપૂર્ણ પગલું છે. કંપનીએ જણાવ્યું કે આ પગલું એરલાઇન્સને ગ્રાહકો માટે મુસાફરીને વધુ સુલભ અને સસ્તું બનાવીને લાભ મેળવવાની તક પણ પ્રદાન કરશે., અકાસા એરલાઇન્સે જણાવ્યું કે આવા પગલાં એરલાઇન્સ માટે સ્થિર સંચાલન વાતાવરણ બનાવવામાં મદદ કરે છે, જેનાથી તેઓ ખર્ચને વધુ અસરકારક રીતે સંચાલિત કરી શકે છે અને મુસાફરીને વધુ સસ્તું બનાવી શકે છે.

# SECRETARY-I&B

1992 બેચના વરિષ્ઠ ભારતીય વહીવટી સેવા અધિકારી ચંચલ કુમારે આજે માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તેઓ વરિષ્ઠ IAS અધિકારી સંજય જાજુના સ્થાન લેશે. બિહાર કેડરના અધિકારી શ્રી કુમાર અગાઉ ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રાલયના સચિવ તરીકે સેવા આપી ચૂક્યા છે.

# GST - COLLECTION

આ વર્ષે માર્ચ મહિનામાં કુલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ-GST કલેક્શન ગયા વર્ષના આ જ મહિનાની સરખામણીમાં ૮.૮ ટકા વધીને ૨ લાખ કરોડ રૂપિયાથી વધુ થયું છે. માર્ચ ૨૦૨૫માં કુલ GST આવક ૧ લાખ ૮૩ હજાર કરોડ રૂપિયાથી વધુ હતી. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ વર્ષે માર્ચ મહિનામાં સેન્ટ્રલ GST કલેક્શન ૪૦ હજાર ૫૪૯ કરોડ રૂપિયા અને સ્ટેટ GST કલેક્શન ૫૩ હજાર ૨૬૮ કરોડ રૂપિયા હતું. ઇન્ટિગ્રેટેડ GST કલેક્શન ૧ લાખ કરોડ રૂપિયાથી વધુ છે. દરમિયાન, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ GST આવક વધીને ૨૨ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે

# RUSSIA DEPUTY PM VISIT

રશિયાના પ્રથમ નાયબ પ્રધાનમંત્રી ડેનિસ મન્તુરોવ આવતીકાલથી ભારતની બે દિવસની મુલાકાતે આવશે. આ મુલાકાત દરમિયાન, શ્રી મન્તુરોવ નવી દિલ્હીમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણને મળશે. રશિયન નાયબ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાજધાનીમાં સેવા તીર્થ 3 ખાતે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલને પણ મળશે.

# FOOTBALL-SAFF U20

SAFF U20 ચેમ્પિયનશિપમાં ભારત આજે માલદીવના માલે સ્થિત નેશનલ સ્ટેડિયમ ખાતે રાત્રે 9 00 વાગ્યે સેમિફાઇનલમાં ભૂટાન સામે રમશે. ભારતે પાકિસ્તાન પર 3-0થી જીત અને બાંગ્લાદેશ સાથે 1-1થી ડ્રો કરીને ગ્રુપ Bમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી 20  ક્રિકેટમાં હાલ લખનૌ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. લખનૌમાં રમાઈ રહેલી મેચમાં દિલ્હીની ટીમે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે . છેલ્લા મળતા અહેવાલ મુજબ લખનૌ સુપર જાયન્ટ્સે ___4.3____ ઓવરમા _1___ વિકેટે __36___રન બનાવ્યા છે . દિલ્હીની ટીમ અક્ષર પટેલ અને લખનૌ ની ટીમ રિષભ પંતની  આગેવાની  હેઠળ રમી રહી છે .

# SIBI GEORGE- TAJIKISTAN

વિદેશ મંત્રાલયમાં સચિવ સિબી જ્યોર્જે આજે તાજિકિસ્તાનના વિદેશ મંત્રી સિરોજિદ્દીન મુહરિદ્દીન સાથે મુલાકાત કરી. વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા સંદેશ માં જણાવ્યું કે શ્રી જ્યોર્જે દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી હતી અને પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. મંત્રાલયે એમ પણ જણાવ્યું હતું કે ભારત-તાજિકિસ્તાન વિદેશ કાર્યાલય પરામર્શનો 5મો રાઉન્ડ પણ દુશાંબેમાં યોજાયો હતો.